**સમરી નં.૧૯૬/૨૦૦૪**

**<u>આંક–૧ લગત હુકમ</u>:–**

આ કેસની હકીકતો વંચાણે લેતા એ જણાય છે કે તપાસનીશ અધિકારીએ વટવા પોલીસ સ્ટેશનના ફ. ગુ.ર. નં.૧૯૬/૨૦૦૪ થી નોંધાયેલ ગુન્હા સંબંધે વર્ગ-બી સમરી રીપોર્ટ રજૂ કરેલ છે. સદરહું રીપોર્ટ અનુસંધાને આ કામના ફરિયાદી ને આ અદાલત ધ્વારા નોટીસ કાઢવામાં આવેલ હતી, પરંતુ, તે નોટીસ ફરિયાદી મરણ ગયેલ હોય ફરિયાદીના મરણ સર્ટીફીકેટ સાથે પરત આવેલ છે. સદરહું નોટીસ આ કામે આંક–૦૨ થી રજૂ છે.

તપાસનીશ અધિકારીએ રજૂ કરેલ વર્ગ-બી સમરી રીપોર્ટ હકીકતો ધ્યાને લેતા તેમજ ફરિયાદી ખુદ મરણ પામેલ હોય અને તેઓના તરફે બી સમરી અહેવાલ વિરૂદ્ધ વાંધા રજૂ કરવા કોઇ વ્યક્તિ હાજર રહેલ ન હોય અને કેસ સને–૨૦૦૪ નો હોય, હાલનો વર્ગ-બી સમરી રીપોર્ટનો ફરિયાદી મરણ પામેલ હોવાના કારણસર સ્વીકાર કરવામાં આવે છે અને રીપોર્ટ દફતરે કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ–૧૩મી માહે–ઓગષ્ટ સને–૨૦૨૨ ના રોજ યોજવામાં આવેલ લોકઅદાલત/ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં જાહેર કરવામાં આવેલ છે.

અમદાવાદ.
તા.૧૩/૦૮/૨૦૨૨

( કમલેશ એન.પ્રજાપતિ )
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૯, અમદાવાદ.
(કોડ જીજે–૦૦૮૮૬)